AN INTERNATIONAL ORGANIZATION DEDICATED TO PROTECTING THE RIGHTS OF ALL ANIMALS

PeTA

**For Immediate Release:**
21 February 2017

**Contact:**
Nikunj Sharma +91 9910397382; NikunjS@petaindia.org
Shambhavi Tiwari +91 9167907382; ShambhaviT@petaindia.org

# બ્રેકિંગ સંશોધનકારક વિડીઓ જાહેર કરે છે કે મોટી ભારતીય પોલ્ટ્રી કંપનીઓ દ્વારા મરઘીના બચ્ચાંને બાળવામાં, ડૂબાડવામાં , કચરવામાં આવ્યા

**ઈંડા અને માંસ ઉદ્યોગોમાં ક્રૂર આચરણો સામે ધરમૂળથી ફેરફારો લાવવા માટે અને લોકોને વીગન આહાર અપનાવવા માટેનું પીટા ઈન્ડિયાનું આહવાન**

હૈદ્રાબાદ – આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં પ્રાણી અધિકારો માટે અજ્ઞાત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલી તપાસનો આંખે દેખ્યો અહેવાલ કે જે પીપલ ફોર ધ ઍથિકલ ટ્રીટમેન્ટ ઑફ ઍનિમલ્સ (પીટા) ઈન્ડિઆને મળ્યો છે તે બતાવે છે કે ભારતમાં ઈંડા અને માંસ ઉદ્યોગના ટોચના લોકો દ્વારા ઈંડા ઉદ્યોગ માટે નકામા માનવામાં આવતા મરઘીનાં લાખો નર બચ્ચાંઓને તેમજ મરઘીના અન્ય નકામા બચ્ચાઓને જીવિત હોવા દરમિયાન સામાન્યપણે કચડી નાંખવામાં, ડૂબાડી નાખવામાં, કચરાપેટીમાં ફેંકી દેવામાં આવે છે અથવા અન્ય પ્રાણીઓને ખવડાવી દેવામાં આવે છે.

**અન્વેષણાત્મક વિડીઓઝનાં વર્ણન કરેલાં અને વર્ણન ન કરેલાં સંસ્કરણો તથા વિસ્તૃત અહેવાલ અહીં જુઓ અને ડાઉનલોડ કરો. વિડીઓ ફ્રટ્રેજનું વર્ણવેલું સંસ્કરણ અહીં પણ જોઈ શકાય છે અને અલગ વર્ણન ન કરેલું સંસ્કરણ અહીં જોઇ શકાય છે.**

સાક્ષીઓએ નીચેની બાબતો નોંધી હતીઃ

- ઈન્ક્યુબેટર્સમાં ઈંડા સેવવાથી મરઘીનાં બચ્ચાઓમાં અંગો બહાર આવી જવા જેવી વિકૃતિઓ જોવા મળી હતી.
- મરઘીનાં બચ્ચાઓની જાતિ નક્કી કરવા માટે કામદારો તેના જનનાંગો પર જોરથી દબાણ આપતા હતાં.
- ઈંડા ઉદ્યોગમાં સામાન્યપણે જોવા મળે છે તેમ મરઘીના બચ્ચાંઓને સાંકડી જગ્યામાં ગોંધી રાખવાથી તેમનામાં જે હતાશા પેદા થાય છે તેના કારણે તેઓને એકબીજાને ચાંચ મારતાં અટકાવવા માટે બેભાન કરવાની દવાઓનો ઉપયોગ કર્યા વિના અત્યંત ગરમ બ્લેડ વડે તેમની ચાંચોનો મોટો હિસ્સો કાપી નાંખવામાં આવે છે.
- મરઘીનાં અન્ય નકામા બચ્ચાઓ જીવતા હોય તે દરમિયાન ઈંડાની કાચલીઓ અને મરેલાં પંખીઓ સાથે તેમને મોટા ગ્રાઈન્ડર્સમાં ઉછાળવામાં આવે છે.
- તેમને પાણીથી ભરેલી ટંકીઓમાં પણ ડૂબાડી દેવામાં આવે છે જ્યાં તેઓ અડધા કલાક માટે પોતાને બચાવા માટે સંઘર્ષ કરીને આખરે મૃત્યુ પામે છે.
- કેટલાંક બચ્ચાંઓને આગમાં ફેંકીને મારી નાંખવામાં આવ્યા હતાં.
- અન્ય બચ્ચાંઓને સામૂહિકપણે મોટા ડ્રમ અથવા ટ્રકોમાં ફેંકીને કચરી નાંખવામાં આવ્યા હતાં અથવા ગૂંગળાવીને મારી નાંખવામાં આવ્યા હતાં.
- કામદારો મરઘીના બચ્ચાઓને ફિશ ફાર્મમાં પણ લઈ ગયા હતા તેમને તળાવમાં ફેંકી દેવામાં આવ્યા હતાં જ્યાં અન્ય પ્રાણીઓ તેમને ખાઈ ગયા હતા અને જો તે છટકવાની કોશિશ કરે તો તેમને પાછાં પાણીમાં ધકેલવામાં આવતા હતાં.

PEOPLE FOR THE ETHICAL TREATMENT OF ANIMALS

PETA India
PO Box 28260
Juhu, Mumbai
400 049
(22) 4072 7382
(22) 2636 7383 (fa

Info@petaindia.or
PETAIndia.com

**NEWS RELEASE**

Affiliates:
- PETA US
- PETA Foundation (UK)
- PETA Asia
- PETA Germany
- PETA Netherlands

Registered Office:
H-341, Ground Floor
New Rajendra
Nagar, New Delhi
110 066

PEOPLE FOR
THE ETHICAL
TREATMENT
OF ANIMALS

PETA India
PO Box 28260
Juhu, Mumbai
400 049
(22) 4072 7382
(22) 2636 7383 (fax)

Info@petaindia.org
PETAIndia.com

**NEWS RELEASE**

આ ક્રૂર અત્યાચારોનાં પ્રતિસાદરૂપે પીટા લોકોને વીગન બનવાનું અને નવી *ઓવો* સેક્સિંગ ટેકનોલજિ વિશે સરકારને વિચાર કરવા માટે આહવાન કરી રહ્યું છે જેમાં મરઘીઓનાં બચ્ચાં સેવાઈને બહાર આવે તે પહેલાં તેની જાતિ નક્કી કરવામાં આવે છે જેનાથી સંભવિતપણે મરઘીનાં નર બચ્ચાઓનાં મોટા પાયે મૃત્યુ નિવારી શકાય છે, મરઘીનાં બિનતંદુરસ્ત બચ્ચાંઓ માટે પીડારહિત ઈચ્છામૃત્યુ માટે લેખિત ધારાધોરણ નક્કી કરવાનું અને તેનો અમલ કરવાનું તથા મરઘીનાં બચ્ચાંઓને ક્રૂરતાથી મારી નાંખતી કંપનીઓ સામે કડક પગલાં લેવાની સરકારને વિનંતી કરવામાં આવી છે.

‘‘અંગો કપાયેલી મરઘીઓને નાનાં પાંજરામાં ગોંધવાથી માંડીને તેમને કચરવાની, ડૂબાડવાની અને મરઘીનાં જીવતા બચ્ચાંઓને સળગાવી દેવાની પ્રણાલીઓ ઈંડા અને માંસ ઉદ્યોગોમાં વ્યાપક પ્રમાણમાં ચાલે છે,’’ તેમ પીટા ઈન્ડિઆનાં સીઈઓ પૂર્વા જોષીપુરા કહે છે. ‘‘પીટાનો સંદેશ એ છે કે આપણા ભોજન માટે કોઈ પ્રાણીને યાતના પહોંચાડવામાં આવી નથી તેની ખાતરી કરવાનો એકમાત્ર રસ્તો એ વીગન જીવનશૈલી અપનાવવાનો છે.’’

વિડીઓમાં જોઈ શકાય છે તેમ સાક્ષીએ ડાયમંડ ગ્રુપ, સુગુના ફૂડ્ઝ કે જે પોલ્ટ્રી સેક્ટરમાં ઘરે ઘરે જાણીતું નામ છે અને માંસ માટે મરઘાં ઉછેરમાં ભારતમાં સૌથી અગ્રેસર એવા એસએચ ગ્રુપ જેવી કંપનીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી કતલની વિવિધ પદ્ધતિઓ વિશે નોંધ કરી છે. એસએચ ગ્રુપની અગ્રણી કંપની શ્રીનિવાસ હેચરીઝ લિ તેની વેબસાઈટ પર કરેલી નોંધ પ્રમાણે તે જ્યાં સક્રિય છે તેવા વિસ્તારમાં પોલ્ટ્રી ક્ષેત્રમાં ૯૫% જેવો જંગી બજાર હિસ્સો ધરાવે છે; અને એસઆર ગ્રુપ માંસ ઉદ્યોગ માટે દર મહિને ૬૦,૦૦,૦૦૦ જેટલાં મરઘાંઓ ઉછેરે છે જયારે તેના બ્રીડર ફાર્મમાં ૫,૦૦,૦૦૦ પક્ષીઓ છે.  આ વિડીઓ વેન્કીઝ તરીકે સામાન્યપણે ઓળખાતા વેંકટેશ્વર હેચરીઝ પ્રા લિ દ્વારા વાપરવામાં આવતી લિંગનિદાનની કાર્યપ્રણાલીઓ બતાવે છે તેમજ સ્કાયલાર્ક સમુહના સ્કાયલાર્ક હેચરિઝ પ્રા લિ કંપની આ ભારતના એક પોલ્ટ્રીના સૌથી મોટા ઉત્પાદક કંપનીથી વાહનવ્યવહાર દરમિયાન કચડી જવાતા પિલ્લા બતાવવામાં આવ્યા છે.

વધુ માહિતી માટે કૃપા કરીને મુલાકાત લો [PETAIndia.com](http://PETAIndia.com).

#

Affiliates:
- PETA US
- PETA Foundation (UK)
- PETA Asia
- PETA Germany
- PETA Netherlands

Registered Office:
H-341, Ground Floor
New Rajendra
Nagar, New Delhi
110 066